દાખલ તારીખ :– ૨૦/૦૧/૨૦૨૪
ફેસલ તારીખ :– ૦૯/૦૩/૨૦૨૪

સત્યમેવ જયતે

**મહીસાગર જિલ્લાના મહે. એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુકામ : લુણાવાડા**

ક્રિ.કે. નં. ૧૧૮/૨૦૨૪
આંક–

ફરીયાદી:– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

આરોપી:– અશોકકુમાર કાંતિલાલ પ્રજાપતિ
રહે.મલેકપુર, તા.લુણાવાડા, જી.મહીસાગર

**ગુન્હો :– ગુજરાત નશાબંધી અધિનિયમ કમલ– ૬૬ (૧)(બી) મુજબ.**

**// ચુકાદો//**

(૧) આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલ શ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ આક–૦૪ પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલી છે.

(૨) અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવતા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતા આરોપીએ આંક–૦૫ થી ગુનો કબુલાત પુરશીશ આપી જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કામ કરીએ છીએ અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી અમો અમારા કુટુંબમા એક જ કમાનાર સભ્ય છીએ. અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુબના ભરણ પોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમા આવો કોઈ ગુનો કરીશુ

નહી તેવી ખાત્રી આપીએ છીએ જેથી અમારી સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમા રાખી અમારી ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નસો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા લવરી કરતો પકડાયેલ છે જેથી આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૮૫(૧) મુજબના ગુનાનુ તહોમત મુકવામા આવેલ છે.

(૪) આ કામે પોલીસ દવારા રજુ કરવામા આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસર શ્રીએ લીધેલ નમુનાનું પ્રમાણ પત્ર ધ્યાને લેતા આરોપીએ ગુનો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે કલમ ૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરવાનુ જણાઈ આવે છે. જો ચાર્જશીટ, પોલીસ પેપર્સ,પંચોના નિવેદનને સત્ય માનવામા આવે તો પણ આરોપી સામે કલમ– ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનુ આ અદાલતનો અભિપ્રાય છે. જેથી કોર્ટ દવારા આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ ૮૫(૧)મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ જણાય આવતો ન હોય આરોપી વિરૂધ્ધ ૮૫(૧)ને બદલે પ્રોહી કલમ– ૬૬(૧)(બી) મુજબ આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામા આવે છે.

(૫) આરોપી વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી દવારા રજુ કરવામા આવેલ આક–૦૫ ની ગુના કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે. તેમજ ભવિષ્યમા બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલા પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા આરોપીનો પ્રથમ ગુનો

હોવાનુ જણાય આવે છે. જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામા આવે તો આરોપી સમાજમા ફરી વખત માનભેર જીવન શરુ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમા ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાય અને ઉચિત માનુ છું.

(૬) આમ આરોપીની કબુલાત પુરશીશ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લેતા કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે. જેથી ઓછામા ઓછી સજા અને દંડ કરવો તેવુ હું નમ્ર પણ માનુ છું આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૪૮(૨) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કમલ-૬૬(૧)(બી) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા** સુધીની સજા તથા **રૂા.૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામા આવે છે, અને **દંડ ના ભરે તો દિન-૦૩ ની સાદી કેદની સજા** કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

લુણાવાડા
તા. ૦૯/૦૩/૨૦૨૪

(કે.એમ.ભટટ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મહીસાગર, મુ.લુણાવાડા.
જજ કોડ નં. જીજે ૦૧૫૫૯

## // આંક–૧ લગત હુકમ //

આ કામે આરોપી ની સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કમલ–૮૫(૧) હેઠળ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. પોલીસ પેપર્સ, ચાર્જશીટ અને પંચોના નિવેદન વંચાણે લેવામા આવ્યા છે. તે સબંધિત કલમ ૮૫ ને રીફર કરવામા આવેલ છે.

''**કલમ ૮૫ મુજબનો ગુનો :–** જે કોઈ વ્યકિત, જેમા લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામા આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમા છાટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરવો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.''

કલમ ૮૫ મા જે શબ્દ લખવામા આવ્યા છે તે જોતા દારૂ પીને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે ઝઘડો કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય તો જ કલમ–૮૫ હેઠળ આરોપી સામે કાર્યવાહી ચાલી શકે છે.

હવે, કલમ–૬૬(૧)(બી) ધ્યાને લેતા, પાસ કે પરમીટ વગર અફીણ કે શણ સિવાયના માદક પદાર્થના ઉપયોગ અંગે કરવામા આવેલ જોગવાઈ છે.

વધુમા મુંબઈ નશાબંધી (ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી) નિયમો ૧૯૫૯ના નિયમ ૩ ફોર્મ–એ ને પણ રીફર કરી તે જોતા કોર્ટનો અભિપ્રાય

છે કે, તબીબી અધિકારી ફકત એની સ્પીચ નોર્મલ છે અથવા તો ઈનકોહરેન્ટ છે, ફકત આ જણાવવાનુ હોય છે. એમા ભાષાથી સંકળાયેલ કોઈ જોગવાઈ નથી.

આ કામે પોલીસ દવારા રજુ કરવામા આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસર શ્રી એ લીધેલ લોહીના નમુનાનુ પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ જાહેરમા કોઈ ઉપદ્રવ ઉભો કરેલ હોય, બીજા સાથે મારામારી કરતા હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતા હોય, તેવુ રેકર્ડ પણ આવેલ નથી અને તેથી આરોપીએ પ્રથમ દર્શનીય રીતે કલમ–૮૫(૧)(૩)મુજબનો નહી પરંતુ કલમ ૬૬ (૧)(બી) હેઠળનો ગુનો કરેલાનુ જણાઈ આવે છે. જો ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામા આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનુ આ અદાલતનો અભિપ્રાય છે.

જેથી આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટની કમલ ૮૫ (૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જણાઈ આવતો ન હોય આરોપી વિરૂધ્ધ ૮૫(૧) ના ગુનાની કાર્યવાહીના બદલે પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબ આગળની ઈન્સાફી કાર્યવાહી કરવાનો હુકમ કરવામા આવે છે.

લુણાવાડા
તા. ૦૯/૦૩/૨૦૨૪

(કે.એમ.ભટટ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મહીસાગર, મુ.લુણાવાડા.
જજ કોડ નં. જીજે ૦૧૫૫૯

[ડી.એ.ઝાલા]